EC Minutes - 24-3-10

ગુજરાત યુનિવર્સિટી

ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા બુધવાર તા. ૨૪/૦૩/૨૦૧૦ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૪/૦૩/૨૦૧૦ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેક્ટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. દેસાઇ કેતન ધીરજલાલ | ગેરહાજર |
| ૬. | શ્રી હિમાંશુ વિઠ્ઠલભાઇ પટેલ | હાજર |
| ૭. | ડૉ. જયેશ અમૃતલાલ ઠક્કર | હાજર |
| ૮. | ડૉ. એસ.આર.દવે | હાજર |
| ૯. | ડો. શ્રીમતી આર.જી.ભટ્ટ | હાજર |
| ૧૦. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | ગેરહાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | પ્રિ. ડૉ. સી.પી.પટેલ | હાજર |
| ૧૩. | પ્રો. શ્રીમતી એસ. આર. પંડયા | હાજર |
| ૧૪. | પ્રો. નિતીનભાઇ ડાહ્યાભાઇ શાહ | હાજર |
| ૧૫. | પ્રો. મહેશ સી. પટેલ | હાજર |
| ૧૬. | પ્રો. દિગ્વિજયસિંહ ઘનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૭. | પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૮. | ડૉ. એચ.પી.ભાલોડીયા | હાજર |
| ૧૯. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૦. | શ્રી દોશી મનીષ એમ. | હાજર |
| ૨૧. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૨૨. | શ્રી ગિરીશ ચૌધરી | હાજર |
| ૨૩. | શ્રી ગૌરાંગ પટેલ | હાજર |
| ૨૪. | પ્રો. શશીરંજન યાદવ | હાજર |
| ૨૫. | શ્રી દેવાંગ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં સભાગૃહે એકિઝક્યુટિવ કાઉન્સિલમાં નવા જોડાયેલા બે સભ્યશ્રીઓ સર્વશ્રી ડૉ. એચ.પી.ભાલોડીયા અને પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

બા.ક્ર.૧ તા.૧૩/૨/૨૦૧૦ના રોજ મળેલ એકિઝક્યુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ: **તા.૧૩/૦૨/૨૦૧૦ના રોજ મળેલ એકિઝક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો (જાણસારૂ)

૨(૧) યુનિવર્સિટીમાં L.M.O. તરીકે ફરજ બજાવતા ડૉ.સુધાબેન દેસાઇ તા.૩૦-૯-૦૮ના રોજ સ્વૈચ્છિક નિવૃત થતાં તેઓની જગ્યાએ ડૉ.પન્ના એન.શાહની લેડી મેડીકલ ઓફિસર તરીકે રૂ.૧૫૦૦૦/- ફિકસ પગારથી તા.૩-૧૧-૦૯ થી ૨-૨-૨૦૧૦ સુધી નિમણુંક કર્યાનું.

૨(૨) જે.જી.કોલેજ ઓફ એજયુકેશન (PG)ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ-૫૪ની આગામી શૈ.વ.૨૦૧૦-૧૧ માટે એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨) ડૉ.વસંતભાઇ ભટ (૩) ડૉ.વાય.એસ.શાસ્ત્રી (૪)શ્રી મનિષભાઇ દોશી

૨(૩) વૈદિક ડેન્ટલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર,મું.નાની દમણ (U.T)દ્વારા આગામી શૈ.વ.૨૦૧૦-૧૧ માટે પ્રથમ વર્ષ બી.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા તેમજ દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નું નવુ એડહોક જોડાણ આપવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ગિરીશભાઇ પરમાર (૨) ડૉ.વી.સી.સીંગલ (૩) ડૉ.સી.એસ.શર્મા

૨(૪) જે.જી.કોલેજ ઓફ એજયુકેશન,ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ-૫૪ની આગામી શૈ.વ.૨૦૧૦-૨૦૧૧ માટે બી.એડ એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧) પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨) શ્રી ગૌરાંગભાઇ પટેલ (૩) ડૉ.નીતિનભાઇ શાહ (૪)ડૉ.મહેશભાઇ પટેલ

૨(૫) અમદાવાદ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ,મું.સાંતેજ.તા.કલોલ.જી.ગાંધીનગરની આગામી શૈ.વ.૨૦૧૦-૧૧ માટે બી.ડી.એસ. તેમજ એમ.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.મુકુલભાઇ શાહ (૨)ડૉ.કિર્તીભાઇ પટેલ (૩)ડૉ.પંકજભાઇ પટેલ (૪)ડૉ.ગિરીશભાઇ પરમાર

૨(૬) મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી ઉજમબેન જી.પટેલ બધીર આર્ટસ કોલેજ,કારેલી બાગ,વડોદરા-૧૮ની આગામી શૈ.વ.૨૦૧૦-૧૧ માટે પ્રથમ વર્ષ બી.એ.નું એડહોક જોડાણ લંબાવવા તેમજ દ્વિતીય વર્ષ બી.એ.નું નવુ એડહોક જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧) પ્રિ.પી.સી.ઉપાધ્યાય (૨) પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૩) ડૉ.મહેશભાઇ પટેલ (૪) શ્રી મનિષભાઇ દોશી

૨(૭) લોકનાદ બી.એડકોલેજ, મુ.રખિયાલ, તા.દહેગામ, જી.ગાંધીનગરની શૈ.વ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧) ડૉ.(શ્રીમતી)આર.જી.ભટ (૨) ડૉ.સોનલબેન પંડયા (૩) શ્રી મનિષ દોશી (૪) ગિરીશભાઇ

ચૌધરી

૨(૮) વનવાસી સેવા સમાજ બી.એડકોલેજ,પાવી-જેતપુર,જી.વડોદરાની આગામી શૈ.વ.૨૦૧૦-૧૧ માટે એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.કનુભાઇ પટેલ (૨)પ્રો.દિગ્વીજયસિંહ ગોહીલ (૩)શ્રી ગિરીશભાઇ ચૌધરી
(૪)પ્રિ.ડૉ.એ.ડી.શાહ

૨(૯) શ્રીમતી એન.એચ.એલ.મ્યુનિ.મેડિકલ કોલેજ,એલીસબ્રીજ,અમદાવાદ-૬ની આગામી શૈ.વ.૨૦૧૦-૧૧થી એમ.ડી. (ઇમરજન્સી મેડિસીન)નું નવું એડહોક જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.એચ.પી.ભાલોડિયા (૨) ડૉ.કિર્તીભાઇ પટેલ (૩) ડૉ.ગિરીશ પરમાર (૪)ડૉ.સી.એસ.શર્મા

૨(૧૦) એસ.ડી.પટેલ બી.એડકોલેજ, આજવા રોડ,વડોદરા-૧૯ની આગામી શૈ.વ.૨૦૧૦-૧૧ માટે એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧) પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)પ્રો.દિગ્વીજયસિંહ ગોહિલ (૩) શ્રી ગિરીશભાઇ ચૌધરી
(૪) ડૉ.જયેશભાઇ ઠક્કર

૨(૧૧) સરદાર પટેલ બી.એડકોલેજ, સીમા હોલની સામે,સેટેલાઇટ,અમદાવાદ-૧૫ની આગામી શૈ.વ. ૨૦૧૦-૧૧ માટે એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)પ્રિ.ડૉ.એ.ડી.શાહ (૩) પ્રિ.ડૉ.આશાબેન પંડિત (૪)શ્રી ગૌરાંગભાઇ પટેલ

૨(૧૨) કે.એસ.સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટની એડવાઇઝરી કમિટીની તા.૭-૯-૨૦૦૯ને સોમવારના રોજ મળેલ મીટીંગની મીનીટસ સુધારા સાથે મંજુર કર્યાનું.

૨(૧૩) પી.જી.મેડીકલ પ્રવેશની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવા માટે પેરેન્ટસ એસોશીયેશન ફોર મેડીકલ,ડેન્ટલ, પેરામેડીકલ વિરૂધ્ધ ગુજરાત રાજય નામ.હાઇકોર્ટમાં એસ.સી.એ.નં-૧૨૩૨૯/૦૯થી પીટીશન કરેલ છે, તેમાં ગુજરાત યુનિવર્સિટીને ત્રીજા નંબરની પાર્ટી બનાવી છે,આ પીટીશન અંગે એડવોકેટશ્રી રોકયાની અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનુ.

૨(૧૪) સ્વ મોધીબા છીતાભાઇ પરમાર,બુનિયાદી શિક્ષણ મહાવિધાલય,જી.બી.ટી.સી.(બેઝીક) બી.એડકોલેજ મુ.ખંટબા.તા.જી.વડોદરાની શૈ.વ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.આર.એસ.પટેલ (૨)ડૉ.જયેશભાઇ ઠક્કર (૩)પ્રિ.ડૉ.એ.ડી.શાહ (૪)શ્રી મનીષભાઇ દોશી

૨(૧૫) ઉદયભાણસિંહજી રિજીયોનલ ઇન્સ્ટીટયુટ ઓફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ,સેકટર-૩૦,ગાંધીનગરની શૈ.વ.૨૦૧૦-૧૧થી આ યુનિ.ના ઓર્ડિ-૧૨૦-C હેઠળ માન્ય સંસ્થા (Recognised Institute) તરીકેનું નવુ જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.(શ્રીમતી)આર.જી.ભટ (૨)ડૉ.સરલા અચ્યુતન (૩)ડૉ.સવિતા ગાંધી (૪)ડૉ.સોનલ પંડયા

**૨(૧૬)** જે.જી.કોલેજ ઓફ એજયુકેશન ફોર વિમેન (પી.જી.કોર્સ)ગુલાબ ટાવર સામે,સોલા રોડ અમદાવાદ-૬૧ની શૈ.વ.૨૦૧૦-૧૧નું એમ.એડનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ર્ડા.સી.પી.પટેલ (૨)શ્રી મનીષભાઇ દોશી (૩)શ્રી ગૌરાંગભાઇ પટેલ (૪)પ્રો.નીતિનભાઇ શાહ

**૨(૧૭)** શ્રીમતી વાલીબા આર.પટેલ બી.એડકોલેજ.મુ.લુણાવાડા.જી.પચમહાલની શૈ.વ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.પી.સી.ઉપાધ્યાય(૨)ર્ડા.મહેશભાઇ પટેલ(૩)શ્રી મનીષભાઇ દોશી(૪)શ્રી ગૌરાગભાઇ પટેલ

**૨(૧૮)** પારૂલ આરોગ્ય સેવા મંડળ,ફિઝીયોથેરાપી કોલેજ.બોપલ-ધુમારોડઅમદાવાદની શૈ.વ.૨૦૧૦-૧૧નું બી.પી.ટી.નુ એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ર્ડા.મુકુલભાઇ શાહ(૨)ર્ડા.ગિરીશભાઇ પરમાર(૩)પ્રિ.ર્ડા.દિલીપભાઇ પટેલ(૪)ર્ડા.નીતાબેન વ્યાસ

**૨(૧૯)** પારૂલ ઇન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી.મુ.લિમડા.જી.વડોદરાની શૈ.વ.૨૦૧૦-૧૧નું બી.પી.ટી.નું એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ર્ડા.મુકુલભાઇ શાહ (૨)ર્ડા.ગિરીશભાઇ પરમાર (૩)પ્રિ.ર્ડા.દિલીપભાઇ પટેલ(૪)ર્ડા.નીતાબેન વ્યાસ

**૨(૨૦)** જે.જી.કોલેજ ઓફ ફિઝીયોથેરાપી,ગુલાબટાવર સામે.સોલા રોડઅમદાવાદ-૬૧ની શૈ.વ.૨૦૧૦-૧૧નુ બી.પી.ટી.નુ એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ર્ડા.મુકુલભાઇ શાહ (૨)ર્ડા.ગિરીશભાઇ પરમાર (૩)પ્રિ.ર્ડા.દિલીપભાઇ પટેલ(૪)ર્ડા.નીતાબેન વ્યાસ

**૨(૨૧)** (૧)અમદાવાદ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સીગ સાયન્સ.મુ.લપકામણ,અમદાવાદની શૈ.વ.૨૦૧૦-૧૧થી કાયમી જોડાણ તેમજ (૨)અમદાવાદ ઇન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સીસ.મુ.લપકામણ.અમદાવાદ-૬૦ની માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી અને માસ્ટર ઓફ ઓકયુપેશનલ થેરાપીનુ નવુ જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું

(૧)ર્ડા.એચ.પી.ભાલોડિયા (૨)ર્ડા.નીતાબેન વ્યાસ (૩)ર્ડા.અંજલીબેન ભીસે (૪)ર્ડા.સરોજબેન ક્રિશ્ચયન

**૨(૨૨)** અંજુમન એજયુકેશન ટ્રસ્ટ બી.એડકોલેજ,મુ.બાલાસિનોરની શૈ.વ.૨૦૧૦-૧૧ માટે જી.બી.ટી.સી.માંથી બી.એડ(જનરલ)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ર્ડા.મુકુલભાઇ શાહ (૨)ર્ડા.આર.એસ.પટેલ(૩)પ્રિ.ર્ડા.સી.પી.પટેલ(૪)શ્રી મનીષભાઇ દોશી

**૨(૨૩)** સરકારી વિજ્ઞાન કોલેજ,મણીનગર(પુર્વ)અમદાવાદ-૮ની પ્રથમ,દ્રિતીય,તૃતીય વર્ષ બી.એસસી.નુ શૈ.વ. ૨૦૧૦-૧૧નુ એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનુ

(૧)ર્ડા.બી.વી.પટેલ (૨)પ્રિ.ર્ડા.બી.કે.જૈન (૩)પ્રિ.ર્ડા.વિષ્ણુપ્રકાશ (૪)ર્ડા.વાય.ટી.જશરાય

**૨(૨૪)** શ્રી વિરપુર મહિલા ઉત્કર્ષ બી.એડકોલેજ.મુ.વિરપુર.જી.ખેડાની શૈ.વ.૨૦૧૦-૧૧નુ એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનુ

(૧)ર્ડા.આર.એસ.પટેલ (૨)પ્રિ.ર્ડા.એ.ડી.શાહ (૩)શ્રી મનીષભાઇ દોશી (૪)ર્ડા.જયેશભાઇ ઠકકર

૨(૨૫) શ્રીમતી માલિની કિશોર હોમીયોપેથીક કોલેજ.મુ.મિયાગમ-કરજણ,જી.વડોદરાની શૈ.વ.૨૦૧૦-૧૧નુ એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું

(૧)ડૉ.મુકુલભાઇ શાહ (૨)ડૉ.ગિરીશભાઇ પરમાર (૩)ડૉ.કિર્તીભાઇ પટેલ (૪)ડૉ.બી.ડી.માંકડ

૨(૨૬) જે.જી.કોલેજ ઓફ નર્સીગ.સોલા રોડઅમદાવાદ-૬૧ની શૈ.વ.૨૦૧૦-૧૧નુ બી.એસસી.(નર્સીગ)નું એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું

(૧)ડૉ.મુકુલભાઇ શાહ (૨)ડૉ.ગિરીશભાઇ પરમાર (૩)ડૉ.કિર્તીભાઇ પટેલ (૪)ડૉ.બી.ડી.માંકડ

૨(૨૭) શેઠ સી.એન.જી.બી.ટી.સી.બી.એડબેઝીક કોલેજ.આબાવાડી.અમદાવાદ-૬ની શૈ.વ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લબાવવા માટેની અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.દુષ્યંતભાઇ શુકલ(૨)ડૉ.સતિષભાઇ શુકલ(૩)પ્રિ.ડૉ.કનુભાઇ પટેલ (૪)શ્રી મનીષભાઇ દોશી

૨(૨૮) રામવનવાસી યુવક મંડળ,દાસા સંચાલિત બી.એડકોલેજ.મુ.સીગવડ(રંધીકપુર)તા.લીમખેડા.જી.દાહોદની શૈ.વ.૨૦૧૦-૧૧નુ એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનુ.

(૧)ડૉ.આર.એસ.પટેલ(૨)શ્રી મનીષભાઇ દોશી(૩)ડૉ.નીતિનભાઇ શાહ(૪)પ્રિ.સુભાષભાઇ બ્રહ્મભટ

૨(૨૯) સરકારી લો કોલેજ.બિહારી મીલ કપાઉન્ડમણીનગર(પુર્વ)અમદાવાદ-૮ની શૈ.વ.૨૦૧૦-૧૧થી પ્રથમ,દ્રિતીય વર્ષ એલએલ.બી.નુ એડહેક જોડાણ લંબાવવાની તથા તૃતીય વર્ષ એલએલ.બી.નુ નવુ (એડહોક)જોડાણ મેળવવાની અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનુ.

(૧)ડૉ.એસ.પી.રાઠોર(૨)પ્રિ.જે.એચ.દક્ષિણી(૩)પ્રિ.ડૉ.મયુરીબેન પંડયા(૪)પ્રિ.એલ.એસ.પાઠક

૨(૩૦) ગોપાલાક વિકાસ મડળ એમ.એડકોલેજ.મુ.અણિયાદ તા.શહેરા.જી.પચમહાલની શૈ.વ.૨૦૧૦-૧૧નુ એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યો.ની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનુ.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)પ્રિ.ડૉ.એ.ડી.શાહ (૩)પ્રિ.ડૉ.કનુભાઇ પટેલ (૪)શ્રી ગૌરાગભાઇ પટેલ

૨(૩૧) ગોપાલાક વિકાસ મડળ બી.એડકોલેજ.મુ.અણિયાદ .તા.શહેરા.જી.પચમહાલની શૈ.વ.૨૦૧૦-૧૧નુ એડહોક જોડાણ લબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યો.ની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનુ.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ(૨) શ્રી ગૌરાગભાઇ પટેલ(૩)પ્રિ.ડૉ.કનુભાઇ પટેલ(૪)પ્રિ.ડૉ.એ.ડી.શાહ

૨(૩૨) બી.એમ.ઇન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ,આશ્રમ રોડ,અમદાવાદ-૯ની પી.જી.ડી.એસ.ઇ.(એમ.આર.)ની શૈ.વ.૨૦૦૯-૧૦નુ એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મુકેલી LIC ની ભલામણોને આધારે નીચે મુજબનુ એડહોક જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પી.જી.ડી.એસ.ઇ.(એમ.આર) | ૨૦ | ચાલુ એડહોક | તા.૧૫-૬-૨૦૦૯ થી ૧૪-૬-૨૦૧૦ સુધી |

૨(૩૩) સરકારી વિજ્ઞાન કોલેજ.મુ.ઝાલોદ.જી.દાહોદને ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ટ્રાયબલ એરિયાની રોલ મોડેલ કોલેજ ગણીને સીધી જ આ યુનિ.હસ્તક મુકવામા .આવેલ હોઇ જોડાણ આપવા માટે કોલેજના આચાર્યશ્રીની અરજી તેમજ રાજ્ય સરકારશ્રીની ભલામણોને આધારે નીચે મુજબનુ જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ સાયન્સ<br>ભૌતિકશાસ્ત્ર,ગણિત,રસાયણશાસ્ત્ર,અંગ્રેજી(એ ગ્રુપ)<br>ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર,જીવવિજ્ઞાન,અગ્રેજી (બી ગ્રુપ) | બે | નવુ એડહોક | તા.૧૫-૬-૨૦૧૦ થી ૧૪-૬-૨૦૧૧ સુધી |

૨(૩૪) આગામી વર્ષ (૧-૩-૨૦૧૦ થી ૨૮-૨-૨૦૧૧)ની બારકોડ આધારીત રિઝલ્ટ પ્રોસેસીગની કામગીરી ટેન્ડરની શરત-૨૮ મુજબ આગળના વર્ષના જુના ભાવે શ્રી કોમ્પ્યુટર્સને આપ્યાનું.

૨(૩૫) બંસલ રમેશ સી. દ્વારા ગેરરીતિ બાબતે થયેલ સજા અંગે નામ.ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.એપ્લીકેશન નં-૩૦૩૧/૨૦૧૦થી દાદ માંગેલ છે,જે અન્વયે વકીલ નિમણુક કર્યા અને તે અગે થનાર ખર્ચ મંજુર કર્યાનું.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧) થી ૨(૩૫) સુધીના કાર્યોની નોંધ લેવી.**

બા.ક્ર.૩ તા.૨૩-૩-૨૦૧૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણો બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

નોધ-એકેડેમિક કાઉન્સિલની તા.૨૩-૩-૨૦૧૦ની મિનીટસ **પરિશિષ્ટ- ૧** તરીકે સામેલ છે.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત સભાની ભલામણો મંજૂર કરવી અને વધુમાં ઠરાવવામાં આવ્યું કે જે.જી.કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસમાં અન્ડર ગ્રેજ્યુએટ લેવલે ભણાવતા શિક્ષકોની લાયકાત બાબતે તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ લેવલે માત્ર એક જ શિક્ષક ભણાવતા હોવાની બાબતે તપાસ કરીને અહેવાલ આપવા પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં નીમાયેલ કમીટી પર શ્રી દોશી મનીષ એમ. અને પ્રો. શ્રીમતી એસ.આર.પંડ્યાની નિયુક્તિ કરવાનું રાખવું.**

બા.ક્ર.૪ તા.૨૦-૨-૨૦૧૦ના રોજ મળેલ ફાયનાન્સ સમિતિની ભલામણો બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

નોધ-તા.૨૦-૨-૨૦૧૦ની ફાયનાન્સ સમિતિની ભલામણો **પરિશિષ્ટ-૨** તરીકે સામેલ છે.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ સમિતિની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૫. તા.૫-૩-૨૦૧૦ તથા તા.૮-૩-૨૦૧૦ના રોજ મળેલ પરીક્ષા શુધ્ધિ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુધ્ધિ સમિતિની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

બા.ક.૬. ગુજરાત યુનિવર્સિટીના પ્રિન્ટીંગ પ્રેસના મેનેજર પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવા સહિતની તેમની જવાબદારીમા અન્ય કામગીરી બજાવતા નહી હોવાની ગંભીર બાબતે વિચારણા કરવા બાબત.

ઠરાવ: ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લાં પાંચ વર્ષમાં બી.એડ. સેલ્ફ ફાઇનાન્સ કોર્સીસ એક્ષ્ટર્નલ અને રેગ્યુલર વિધ્યાર્થીઓની સંખ્યામાં ખુબ જ મોટી સંખ્યામાં વધારો થયો છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ગુજરાત યુનિવર્સિટીથી અલગ થયા પછી પણ એન્જીનીયરીંગ, ફાર્મસી, એમ.બી.એ., એમ.સી.એ., મેડિકલ અને પેરામેડિકલ કોર્સીસ જેવી અનેક બ્રાંચોમાં કેટલાંક વિષયોમાં વિધ્યાર્થીઓની સંખ્યા ૫૦ થી લઇને ૫૦૦ સુધીની હોય છે. આ સ્થિતિમાં મોટી સંખ્યામાં જે વિષયોમાં પેપર બહાર છપાય છે ત્યાં ઓછી સંખ્યાવાળા પેપર છપાવવા પડે છે જેના કારણે પરીક્ષા ખર્ચમાં વધારો થઇ શકે છે કારણ કે પ્રિન્ટીંગ પ્રેસ ધ્વારા ઓછામાં ઓછી ૧૦૦૦ કોપીના આધારે ચાર્જ વસુલ કરવામાં આવે છે.

આવી મર્યાદિત સંખ્યાવાળા પેપરોને પ્રેસની અંદર રહેલા ઝેરોક્ષ મશીન પર પણ છાપવામાં આવે તો ઘણો મોટો ખર્ચ બચાવી શકાય તેમ છે. પરીક્ષા વિભાગ ધ્વારા આ પ્રકારની નોંધ પણ દફતરે છે. જે પર કુલપતિશ્રીએ આદેશ આપેલા છે કે યુનિવર્સિટી પ્રેસમાં આ કામગીરી પ્રેસ મેનેજરની જવાબદારી હેઠળ કરાવવાનું રાખવું. પરંતુ આશ્ચર્યજનક રીતે છેલ્લાં ચાર વર્ષથી પ્રેસ મેનેજરે પ્રેસમાં રહેલા મર્યાદત સ્ટાફને ધ્યાનમાં લઇ તેમજ તા.૧૪/૨/૨૦૦૮નાં રોજ યુનિવર્સિટી પ્રેસના ચાર કર્મચારીઓને છુટા કરવાની દરખાસ્ત કરેલ જેને યુનિવર્સિટીની તા.૧૦/૬/૨૦૦૮નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ બહાલી આપેલ હતી. ત્યારબાદ ક્રમશ: ૨૦૧૦ સુધી પ્રેસ મેનેજરે ઓછા સ્ટાફની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને ૫૦૦ થી ઓછી કોપીવાળા પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવાની કામગીરી કરવાની અસમર્થતા દર્શાવેલ છે.

વધુમાં પ્રેસ મેનેજરના તા.૧૪/૨/૨૦૦૮ના પત્રમાં જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી પ્રેસમાં હાલમાં તેમના સિવાય કોઇ ટેકનીકલ જાણકારી ધરાવતા કર્મચારી નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે પ્રેસની કામગીરી આધુનિક પધ્ધતિથી કરવાની થતી હોવાથી હાલના મહેકમમાં સુધારો કરી નવી જગ્યાઓ ભરવામાં આવે.

વધુમાં તા.૬/૮/૨૦૦૫ના પત્રથી પ્રેસ મેનેજરે જણાવેલ કે ધરતીકંપના કારણે લેટરપ્રેસ પધ્ધતિની મશીનરીને મોટું નુકસાન થતા તે પધ્ધતિ બંધ કરી દેવામાં આવેલ છે અને કોમ્પ્યુટર વિભાગ અને મશીન વિભાગમાં કામગીરી કરવામાં આવે છે જે માટે નવા કર્મચારીઓની ભરતી કરવાની થાય.

છેલ્લાં કેટલાંક સમયથી યુનિવર્સિટીના જુદા જુદા પ્રવેશ ફોર્મ્સ, કોન્વોકેશન ફોર્મ્સ, વાર્ષિક અહેવાલ, બજેટ, એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધ વગેરે છપાવવાની કામગીરી બહારના ખાનગી પ્રેસ પાસે કરાવવી પડે છે. હાલમાં પ્રેસમાં છાપકામની કોઇ કામગીરી ચાલતી નથી, માત્ર ઝેરોક્ષ કરવાની કામગીરી ચાલે છે.

ઉપરોકત તમામ વિગતોને ધ્યાનમાં લેતા આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસને તાત્કાલિક અસરથી બંધ કરવું. હાલના પ્રેસ મેનેજરશ્રીને તાત્કાલિક છુટા કરવા. પ્રેસ મેનેજર સિવાયના અન્ય કર્મચારીઓની નોકરી દસ વર્ષ કરતાં પણ વધુ થયેલ હોઈ તેઓને રાજ્ય સરકારની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટીના અન્ય વિભાગોમાં તેમની શૈક્ષણિક લાયકાત તેમજ હોદ્દાને અનુરૂપ કામગીરી સોંપવાનું રાખવું. જે કર્મચારી નવી કામગીરી સ્વીકારવા અસંમતિ દર્શાવે તો તે કર્મચારીને પણ છુટા કરવાનું રાખવું. આ અંગે જે પણ કાયદાકીય કાર્યવાહી કરવાની થાય તે કામગીરી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રેસ મેનેજરશ્રી નરેન્દ્ર ડી. પટેલે પ્રેસનો તેમના હસ્તકનો તમામ હવાલો પ્રકાશન અધિકારી શ્રી કે.ડી.વોરાને સોંપવાનું રાખવું.

આ ઉપરાંત સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેનો ઠરાવો કરવામાં આવ્યા હતાઃ

(૧) શૈ. વર્ષ જૂન-૨૦૧૧ થી આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીમાં અન્ડર ગ્રેજ્યુએટ લેવલે સેમેસ્ટર સીસ્ટમનો અને ચોઇસ બેઝ ક્રેડિટ સીસ્ટમનો અમલ કરવાનું રાખવું અને તેને અનુરૂપ અભ્યાસક્રમો ઘડવાની કામગીરી હાથ ધરવાનું રાખવું.

(૨) સ્થાનિક તપાસ સમિતિ પર શ્રેયાન સભ્ય તરીકે નીમવામાં આવતા એક્ઝિક્યુટિવ કાઉન્સિલના જે સભ્યશ્રી એક મહિનાના સમયગાળા દરમ્યાન કોલેજની મુલાકાતે જશે નહીં, તે સભ્યશ્રીને પુનઃ શ્રેયાન સભ્ય તરીકે સ્થાનિક તપાસ સમિતિ પર નીમવાનું રાખવું નહી.

(૩) યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષા લેવા માટે જે કોલેજ બીલ્ડીંગ વાપરવા આપવાની ના પાડે તેનું જોડાણ રદ કરવાનું રાખવું. વધુમાં પરીક્ષાની કામગીરીમાં અસહકાર દાખવનાર તમામ વ્યક્તિઓની જવાબદારી નક્કી કરવાનું રાખવું.

(૪) યુનિવર્સિટી ભવનો/વિભાગોમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો એકેડેમિક રેકોર્ડ એકઠો કરીને ડેટા બેંક તૈયાર કરવાનું રાખવું અને જરૂરિયાતમંદ કંપનીઓમાં વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે પ્લેસમેન્ટ સેલ બનાવીને એક ક્લાર્ક અને પટાવાળા સાથે પ્લેસમેન્ટ ઓફિસરની જગ્યાની જાહેરાત આપીને નિષ્ણાંતોની કમીટી દ્વારા પસંદગીની પ્રકિયા કરીને નિમણુંક કરવાનું રાખવું.

(૫) જે કર્મચારીઓ પોતાના નિયમિત કામો પૂરા કરતા નથી તેવા કર્મચારીઓને આપવામાં આવતું પરીક્ષા ભથ્થું સ્થગિત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૬) એમ.એ., એમ.કોમ. અને એમ.એસ.સી. ના અભ્યાસક્રમ માટે સરદાર પટેલ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી જે યુનિવર્સિટીની ફી ઓછી હોય તેનું ફી સ્ટ્રકચર લાગુ પાડવાનું રાખવું અને ૬૦થી વધારાની સીટોને હાયર પેમેન્ટમાં મૂકવાનું રાખવું.

(૭) પી.જી. ટીચર્સની ભરતીની કાર્યવાહી વહેલી તકે પૂર્ણ કરવાનું રાખવું.

(૮) ભૂગોળ વિષય સાથે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને Climate Change ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાનું રાખવું.

(૯) અન્ય યુનિવર્સિટીઓની જેમ હોમ સાયન્સ વિષયને આર્ટસ ને બદલે સાયન્સ ફેકલ્ટીમાં મૂકીને વિદ્યાર્થીઓને બી.એસસી.ની ડિગ્રી એનાયત કરવાનું રાખવું. આ વિદ્યાર્થીઓને બી.એડ.માં પ્રવેશ આપવાની બાબતે વિચારણા કરીને અહેવાલ આપવા સમિતિની રચના કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૦) ૧૦૦૦થી વધારે સંખ્યા ધરાવતી સેલ્ફ ફાયનાન્સ કોલેજોએ રૂપિયા પાંચ લાખ અને એક હજારથી ઓછી સંખ્યા ધરાવતી સેલ્ફ ફાયનાન્સ કોલેજોએ રૂપિયા અઢી લાખ ડેવલપમેન્ટ ફંડ યુનિવર્સિટીમાં દર વર્ષે જમા કરાવવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ.એસ.શાહ
કા.કુલસચિવ

નં: એકેડેમિક/૩૨-૪૯/૨૦૧૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા. ૨૪-૩ -૨૦૧૦

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૧૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૨૨/૨/૨૦૧૦

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૨૦-૨-૧૦ને શનિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી ડૉ.પરીમલ ત્રિવેદીસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડૉ.પરીમલભાઇ ત્રિવેદી | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | હાજર |
| ૩) | ડૉ.મુકુલ શાહ | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી ગૌરાંગ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫) | કા.કુલસચિવશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૬) | ચીફ એકાઉન્ટસ ઓફીસરશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૭) | યુનિવર્સિટી એન્જીનિયરશ્રી | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૧૧-૨-૨૦૧૦ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત

ફાયનાન્સ સમિતિની તા.૧૧-૨-૨૦૧૦ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨) આગામી પરીક્ષાઓને ધ્યાનમાં લઇને ઉત્તરવહીઓ અને પૂરક ઉત્તરવહીઓ તેમજ ખાખી સ્ટીકર માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવેલ અને આવેલ ભાવો પૈકી ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ અને તેમાંની વિગતોની સ્થળ પર ચકાસણી કરવા માટે કુલપતિશ્રીએ નિમેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરી ફાઇનાશીયલ બીડ ઉપર વિચારણા કરવા બાબત

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે આગામી પરીક્ષાઓને ધ્યાનમાં લઇને ઉત્તરવહીઓ અને પૂરક ઉત્તરવહીઓ માટે તેમજ ખાખી સ્ટીકર માટે મંગાવેલ ભાવ તેના આધારે ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ. આ ટેકનીકલ બીડની સ્થળ પરની ચકાસણી માટે કુલપતિશ્રીએ નિયુક્ત સિન્ડીકેટ સભ્ય શ્રી સી.પી.પટેલની અધ્યક્ષતામાં તા.૧૮-૨-૧૦ના રોજ ચાર પાર્ટીઓની દરખાસ્તને લઇને સ્થળ પર કરેલી મુલાકાતને આધારે આપેલી કેટેગરીને ધ્યાનમાં રાખીને તા.૨૦-૨-૧૦ના રોજ ફાઇનાન્સ સમિતિએ ચારે કંપનીઓને પ્રત્યક્ષ બોલાવીને કમીટીના રીપોર્ટના આધારે પૂછપરછ કરી. તેમજ જરૂરી માહિતી મેળવી ત્યારબાદ સઘન ચર્ચાને અંતે બે કંપનીના કોમર્શીયલ બીડ ખોલીને વારાફરતી તમામ ભાવો માટે વ્યાજબી ભાવ કરવા ચર્ચા કરી જેના આધારે વિલ્સન કંપની અને જય ટ્રેડર્સ સાથે થયેલ ચર્ચાને અંતે કોમર્શીયલ બીડમાં દર્શાવેલ ભાવના બદલે નીચે પ્રમાણે કરવાનું કહેવામાં આવ્યું જેમાં ઉત્તરવહીનો ભાવ રૂ.૪-૮૫ પૈસાને બદલે રૂ.૪-૮૦ પૈસા, પૂરક ઉત્તરવહીનો ભાવ રૂ.૧-૯૦ પૈસા તેમજ ખાખી સ્ટીકરનો ભાવ રૂ.૦-૨૪ પૈસા નક્કી કરવામાં આવ્યો. જે ભાવ જય ટ્રેડર્સના પૂરક ઉત્તરવહીનો ભાવ રૂ.૨-૯૦ છે અને ખાખી સ્ટીકરનો ભાવ રૂ.૦-૨૭ પૈસા કરતા ઓછો છે. ઉપરાંત બંનેના કાગળના સેમ્પલની સરખામણીમાં કમીટીને જણાયું કે વિલ્સન કંપનીના સેમ્પલનો નમુનો વધારે સારી ગુણવત્તાવાળો છે. આ કંપનીનું યુનિ.સાથેનું ભૂતકાળમાં ઉત્તરવહી સપ્લાય કરવામાં સમય સૂચકતા, સલામતી, ગુપ્તતા તેમજ તમામ ઉત્તરવહીમાં કાગળના નમુનાની એકરૂપતા, પેકીંગ તેમજ ફિનીસીંગ ખૂબ જ ઉત્તમ કક્ષાનું આપવામાં આવ્યું છે.

તદઉપરાંત કંપનીએ આ વર્ષે પણ જૂના સંબધને ધ્યાનમાં રાખીને તમામ મટીરીયલ ઉત્તમ ગુણવત્તા વાળા, કોરૂગેટેડ બોક્ષમાં માત્ર ૨૫૦/-ના પેકીંગમાં મોકલવાનું, વિનામૂલ્યે આપવાની શરતે સ્વીકારી આગ ૨૫,૦૦,૦૦૦ ઉત્તરવહીઓ તથા ૩,૦૦,૦૦૦ પૂરક ઉત્તરવહીઓ અને ૫૦,૦૦,૦૦૦ બાખીસ્ટીકર તેમજ ટેન્ડરની લગભગ તમામ શરતો બાકીની ત્રણ કંપની કરતા સંતોષકારક રીતે પૂર્ણ થતા આ કોન્ટ્રાકટ યુનિવર્સિટીના હીતમાં વિલ્સન પ્રિન્ટસીટી પ્રા.લિમીટેડ કંપનીને આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૩) ગુજરાત યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવતા જુદા જુદા પ્રકારના પ્રમાણપત્રોનું સુચારું કામગીરી માટે માન. કુલપતિશ્રીએ નિમેલ સમિતિની તા.૧૮-૭-૦૯ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે તા.૧૮-૭-૦૯ની મળેલ સભાની ભલામણ ક્રમાંક-૯ના પેટા ક્રમાંક-૧ થી ૭નો સ્વીકાર કરવાનું રાખવું.

૪) યુજીસીના ૧૧મા પ્લાનમાં યુનિ.ના જુદા જુદા ભવનો માટે ઓનલાઇન પરીક્ષા સેન્ટર અંગે કોમ્પ્યુટર્સ અને તેના આનુષંગિક સાધનો ખરીદવા અંગે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના કા.અધ્યક્ષશ્રીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે યુજીસીના ૧૧મા પ્લાનમાં યુનિ.ના જુદા જુદા ભવનો માટે ઓનલાઇન પરીક્ષા સેન્ટર અંગે કોમ્પ્યુટર્સ અને તેના આનુષંગિક સાધનો ખરીદવાની નિયમોનુસાર કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫) ગુજરાત યુનિ.ના પદવીદાન સમારંભમાં એનાયત કરવામાં આવેલ પદવીઓને મોકલી આપવા માટે નીચે મુજબના દર કુલપતિશ્રીએ મંજુર કરેલ છે તે જાણ સારું.

૧) કવર પર સરનામા લગાવી અને તૈયાર થયેલ કવર બંધ કરી જરૂર મુજબ ૫૦ - ૧૦૦ ૨૦૦ના બંડલ બાંધવા. - ૪૦ પૈસા

૨) કવર સબંધિત વિધાર્થીનું પ્રમાણપત્ર મુકવુ તેમા સંદેશ મુકવો અને યાદી સાથે ચેક કરી બંડલ તૈયાર કરવું. - ૭૫ પૈસા

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત વિગતે નોંધ લીધી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયુ હતું.

કા.કુલસચિવ